# પરમાત્માની માન્યતાઓની સમજ

આત્મા જે ભૌતિક અને પ્રકાશમય શરીરને ચલાવે છે તે અપાર્થિવ, નિરાકાર, આધ્યાત્મિક, નિરાકાર, અદ્રશ્ય શક્તિ છે, જે અમર્યાદિત પ્રકાશ (આત્મા) અથવા પ્રકાશના બિંદુનો સ્રોત છે, જે અજર શાશ્વત, અમર અને અવિનાશી છે. આત્માની જેમ જ પરમપિતા પરમાત્મા પણ પ્રકાશ, જ્યોતિ અથવા જ્યોતિર્બિન્દુ સ્વરૂપ છે, જેને પ્રેમથી "બાબા" અર્થાત્ "પરમપિતા" કહેવામાં આવે છે, જેવો પરમધામમાં રહે છે, જેવો જ્ઞાન, શક્તિઓ અને ગુણોનાં સાગર છે, જેવો આ દુનિયામાં આવીને પોતાના દિવ્ય કર્તવ્ય - સ્થાપના, પાલના અને વિનાશ, ત્રિમૂર્તિ દ્વારા કરે છે. આથી પરમાત્મા સર્વધર્મ માન્ય, સર્વોચ્ચ, સર્વોપરી, સર્વજ્ઞ તેમજ જ્ઞાન, શક્તિ અને ગુણોનાં સાગર છે. આ પરિચયનાં આધારે પરમાત્મા વિષેની વિવિધ માન્યતાઓ જે ચિત્રમાં દર્શાવેલ છે તેને સમજી શકાય.

**૧. <u>પ્રકૃતિ પરમાત્મા છે</u>:** પરમપિતા પરમાત્માનાં અનેક દિવ્ય ગુણોમાં એક ગુણ, દાતા અથવા મદદ કરનારનો છે, આથી પ્રકૃતિનાં જે તત્વમાં દાતા અથવા મદદ કરવાનો ગુણ છે તેને પરમાત્મા કે ભગવાન તરીકે સ્વીકાર કરવામાં આવે છે. દાખલા તરીકે, સૂર્ય પ્રકાશ અને શક્તિ આપે, અર્થાત્ સૂર્યપ્રકાશથી જ વનસ્પતીના ક્લોરોફિલની મદદથી તેનો વિકાસ થાય અને સૃષ્ટીના તમામ પ્રાણી, પક્ષી વગેરે જીવોનુ જીવન શક્ય બને. આથી સૂર્ય ભગવાન તરીકે પૂજવામાં આવે છે. ચંદ્રમાં શીતળતા આપે આથી ચંદ્ર ભગવાન તરીકે માનવામાં આવે છે. પૃથ્વી દરેક જીવને રહેવા માટેનું સ્થાન આપે અને પોષણ કરે છે આથી તેને પૃથ્વી માતા તરીકે સ્વીકારવામાં આવે છે. આની પાછળની ભાવના બહુ જ ઉચ્ચ અને મહાન છે પરન્તુ આ પ્રકૃતિનાં તત્વો છે, જેનાથી સર્વ પરિચિત છે. તેમાં ચેતના નથી, જ્યારે પરમાત્મા સત-ચિત્ત-આનંદ સ્વરૂપ છે, અર્થાત્ ચેતના ધરાવતી મહાસત્તા છે. આથી પ્રકૃતીને પરમાત્મા સમાન આ ગુણમાં કહી શકાય પરન્તુ પરમાત્મા એક છે, સત્ય છે અને સર્વ માનવ આત્માઓના પિતા પણ છે.

**૨. <u>આત્મા પરમાત્માં છે</u>:** દરેક મનુષ્ય, પ્રાણી કે પક્ષીનાં જીવમાં આત્મા રહેલો છે, જેને વિજ્ઞાન ચેતના કે શક્તિ કહે છે, જેનાથી શરીર ચાલે છે. આ આત્મા શરીરની કર્મેન્દ્રીયો દ્વારા પ્રકૃતી સાથે આદાન-પ્રદાન અર્થાત્ ક્રિયા-પ્રતિક્રિયાથી પ્રવૃત્તિ કરે છે. એક માનવ આત્મા બીજા મનુષ્યને ઈજા ના પહોચાડે, દગો ના કરે અથવા મારી નાખે નહીં, તે આશયથી આત્મામાં પરમાત્મા રહેલો છે, તેમ કહેવાય છે. મનુષ્ય આત્મા બીજા પ્રાણી, પક્ષીને અથવા કોઈ પણ જીવને ઈજા ના પહોચાડે, કે તેનું ભક્ષણ ના કરે તે હેતુથી દરેક જીવમાં પરમાત્મા રહે છે, તેવું કહેવામાં આવે છે. આત્મામાં પરમાત્મા રહે છે, તે પાછળની ભાવના બહુ જ ઉચ્ચ છે. માનવ આત્મા ગુણોમાં પરમાત્મા સમાન બને છે, જેને સંપૂર્ણ માનવ અર્થાત્ દેવતા કે દેવદૂત કહેવામાં આવે છે. માનવ આત્મા

## પરમાત્મા વિષેની માન્યતાઓ

૧. પ્રકૃતિ પરમાત્મા છે

૨. આત્મા પરમાત્માં છે

૩. બ્રહ્મ પરમાત્મા છે

૪. પરમાત્મા સર્વવ્યાપી છે

૫. પરમાત્મા નિરાકાર છે

૬. પરમાત્મા દેવતા અથવા દેવદૂત છે

૭. પરમાત્મા નામરૂપથી ન્યારા છે

અને પરમાત્મા બંને અલગ અસ્તિત્વ ધરાવે છે તેમજ બંનેના નામ, રૂપ, રહેવાનું સ્થાન, ગુણો અને કર્તવ્ય સંપૂર્ણ જુદા છે.

**૩. <u>બ્રહ્મ પરમાત્મા છે</u>:** બ્રહ્મ એ છઠ્ઠુ તત્વ છે, જે આ પ્રકૃતિનાં પાંચ તત્વોથી પાર અર્થાત્ દૂર છે, જ્યાં માનવ શરીર કે પ્રકૃતી જઈ શકતા નથી. મનુષ્ય આત્માને બે શરીર છે, પ્રકાશમય (aura) અને સ્થૂળ (physical) શરીર, બેમાથી એક પણ શરીર ત્યાં જઈ શકતુ નથી. માનવ આત્મા જ ત્યાં જઈ શકે છે. જેમ રાષ્ટ્રપતિ ભવન અને રાષ્ટ્રપતિ જુદા છે, તેવી જ રીતે આત્મા અને બ્રહ્મ બંને જુદા છે. જેવી રીતે રાષ્ટ્રપતિ ભવન એ રાષ્ટ્રપતિને રહેવાનું સ્થાન છે, તેવી રીતે આત્મા અને પરમાત્માને રહેવાનુ સ્થાન બ્રહ્મ તત્વ છે, પરન્તુ તેનો આકાર અંડાકાર હોવાથી તેને બ્રહ્માંડ કહેવામાં આવે છે. આથી બ્રહ્મ કે બ્રહ્માંડ પરમાત્મા નથી પરન્તુ આત્મા અને પરમાત્માને રહેવાનું સ્થાન છે, જેને પરમધામ, બ્રહ્માંડ, શાંતીધામ, કે નિરાકારી દુનિયા તરીકે ઓળખવામાં આવે છે.

**૪. <u>પરમાત્મા સર્વવ્યાપી છે</u>:** દરેક આત્મામાં ઈશ્વરીય ગુણો રહેલા છે, જેનો સર્જનહાર પરમપિતા પરમાત્મા છે. ગુણોમાં સમાનતા હોવાને કારણે પરમાત્માને સર્વવ્યાપી કહી ના શકાય. ઉદાહરણ તરીકે, પુત્ર અને લૌકિક પિતાના ગુણો સમાન હોય તો પણ પુત્રને પિતા ના કહેવાય, બંનેનું અસ્તિત્વ જુદુ છે. આવી રીતે જોતા પરમાત્મા સર્વવ્યાપી અર્થાત્ દરેકમાં છે, તેવુ કહી ના શકાય. દરેકમાં તેમની આત્મા રહેલી છે, જે શરીરનુ સંચાલન કરે

છે, અને પરમાત્માં અલગ અસ્તિત્વ ધરાવે છે. આ માન્યતા પાછળની ભાવના બહુ જ ઉચ્ચ છે. એક આત્મા બીજી આત્માને કષ્ટ ના આપે, બીજાને દગો ના કરે, બીજાને મારી ના નાખે, તેવી ઉચ્ચ ભાવનાને આધારે પરમાત્માને સર્વવ્યાપી કહેવામાં આવે છે. સર્વમાં પરમાત્મા રહેતા હોય તો વિશ્વની આ તમોગુણી હાલત શક્ય નથી. વાસ્તવમાં પરમાત્મા એક છે, સત્ય છે અને સર્વ માનવ આત્માઓના પિતા પણ છે.

**૫. <u>પરમાત્મા નિરાકાર છે</u>:** પરમાત્માને કોઈ પણ મનુષ્ય, પ્રાણી, પક્ષી, વનસ્પતી, વસ્તુ, વૈભવ વગેરે જેવો આકાર નથી અર્થાત્ તેનો આકાર આ દુનિયાની કોઈ પણ વસ્તુ, પદાર્થ કે જીવ જેવો નથી. પરન્તુ તેમને આકાર જરૂર છે, જે તેનુ રૂપ છે. પરમાત્માંનુ રૂપ કે આકાર દરેક માનવના ધર્મ દ્વારા સ્વીકાર્ય છે, જે જ્યોતિર્બિન્દુ કે જ્યોતિ (પ્રકાશ) સ્વરૂપ છે. જ્યોતિ કે પ્રકાશ કોઈ એક બિંદુમાથી જ બહાર આવે છે આથી પરમાત્મા જ્યોતિર્બિન્દુ કહેવાય. આથી પરમાત્માને અપાર્થિવ, અશરીરી, પ્રત્યક્ષ કે પાર્થિવ અસ્તિત્વ વિનાના, પ્રત્યક્ષ દેખાય નહિ તોય દુનિયાની નજરે અસ્તિત્વ ધરાવતા, આધ્યાત્મિક, નિરાકાર, અદૃશ્ય સર્વોચ્ચ સત્તા માનવામાં આવે છે. આપણી આત્મા પણ સૂક્ષ્મ તે સૂક્ષ્મ જ્યોતિર્બિન્દુ છે, જેને જોઈ શકાય નહી પરન્તુ શરીર દ્વારા અનુભવ કરી શકાય, તેવી જ રીતે આત્માના પિતા પરમપિતા પરમાત્મા પણ આત્મા જેવા જ જ્યોતિર્બિન્દુ છે.

**૬. <u>પરમાત્મા દેવતા અથવા દેવદૂત છે</u>:** પરમાત્માને પોતાનુ ભૌતિક કે સૂક્ષ્મ શરીર નથી, જ્યારે દેવતાઓને પણ બંને શરીર છે અને દેવદૂતને માત્ર સૂક્ષ્મ શરીર છે. દેવતા અને દેવદૂતના ગુણો પરમાત્મા સમાન હોય છે પરન્તુ તેઓ શરીરધારી છે અને પરમાત્માની રચના છે. પરમાત્મા એક છે, સત્ય છે અને સર્વ માનવ આત્માઓના પિતા પણ છે.

**૭. <u>પરમાત્મા નામરૂપથી ન્યારા છે</u>:** આ દુનિયામાં કોઈ પણ વસ્તુ કે જીવને નામ, રૂપ વગેરે છે તો પછી આ દુનિયાના રચતા ભલા નામ રૂપથી ન્યારા કેવી રીતે હોઇ શકે? તેમનુ સનાતન નામ કલ્યાણકારી અર્થાત્ શિવ છે. તેમનુ રૂપ જ્યોતિર્બિન્દુ કે જ્યોતી (light) સ્વરૂપ છે, અને જ્યોતી (light) એક બિંદુમાથી જ બહાર આવે છે, આથી પરમાત્માનુ સ્વરૂપ જ્યોતિર્બિન્દુ સમાન છે. જેવી રીતે આકાશ પોલાણ છે છતાંપણ નામ છે, તેવી રીતે પરમાત્માને પોતાનું નામ અને રૂપ છે.

આ રીતે જોતા પરમાત્મા વિષેની માન્યતાઓ પાછળની ભાવના બહુ જ ઉચ્ચ છે પરંતુ તેની સમજ પણ બહુ જ જરૂરી છે.

ચાલો આપણે પરમાત્માના ધ્યાનનો અભ્યાસ કરીએ. આપણે અનન્ય પ્રકાશના સ્ત્રોત છીએ અને ત્રણ શક્તિઓ ધરાવતા પ્રકાશ બિંદુ છીએ, જે મન, બુધ્દ્ધિ અને સંસ્કાર છે. આપણે પરમાત્માના સંતાન છીએ, જે આપણા જેવા છે અર્થાત પ્રકાશ સ્વરૂપ અથવા પ્રકાશ બિંદુ છે અને દરેક આત્માના પિતા છે, આથી આત્મા એ પરમાત્મા નથી અને તેવો

સર્વવ્યાપી નથી. તેવો સર્વોચ્ચ પરમધામમાં રહે છે, જેને બ્રહ્માંડ હેવામાં આવે છે, આથી તેવો બ્રહ્મ તત્વ નથી. તેવો ત્રિમૂર્તિ હોવાથી નવી દુનિયાની સ્થાપના અને તેની પાલના તેમજ જૂની દુનિયાનો વિનાશ ત્રણ દેવતા અથવા દેવદૂત દ્વારા કરાવે છે, આથી તેવો દેવતા કે દેવદૂત નથી. તેમનો આકાર કોઈપણ માનવી, પશુ, પક્ષી, વનસ્પતિ, પદાર્થ જેવો નથી આથી નિરાકાર કહેવાય છે. તેવો દરેક આત્માનું કલ્યાણ પિતા તરીકે કરે છે આથી નામ શિવબાબા અથવા પિતા છે અને તેમનો આકાર પ્રકાશ સ્વરૂપ છે અર્થાત નામરૂપથી ન્યારા નથી. તેવો પ્રકૃતિના પાંચ તત્વોથી પાર છે અર્થાત પ્રકૃતિ પરમાત્મા નથી. આપણે તેમના સંતાન હોવાથી તેમના જ્ઞાન, શક્તિઓ અને ગુણોનો માસ્ટર સાગર છીએ. આપણે તેમની શક્તિઓને આસપાસ સ્પંદનો દ્વારા ફેલાવીને વિશ્વ અને પ્રકૃતિને પણ તેમની શક્તિઓ દ્વારા શાંતિપૂર્ણ, શક્તિશાળી અને શુધ્ધ બનાવીએ.